# કાપણી પછી તરત જ એરંડા વેચવાનો નિર્ણય ખેડૂતો લઈ શકે છે

આ વર્ષે જૂન ૨૦૨૩ના મધ્યમાં વાવાઝોડાને લીધે મુખ્ય એરંડા ઉગાડતા ઉતર ગુજરાત અને પશ્ચિમ રાજસ્થાનના વિસ્તારોમાં સારો વરસાદ થવાથી એરંડાના વાવેતર વિસ્તારમાં વધારો થયો હતો. ચાલું વર્ષ ૨૦૨૩–૨૪ માં એરંડાનું  વાવેતર વધીને ૯.૫૨ લાખ હેક્ટર થયેલ છે, જે ગત વર્ષ ૨૦૨૨–૨૩માં ૯.૩૨ લાખ હેક્ટર થયેલ હતું અને ઉત્પાદન ગત વર્ષ જેટલું જ અંદાજે ૧૯.૮૦ લાખ ટન જેટલું થશે. એરંડાનું વાવેતર કરતા પ્રદેશોમાં ચોમાસું મધ્યમ થી સારું રહ્યું છે.

ગુજરાતમાં ચાલું વર્ષ ૨૦૨૩–૨૪ માં એરંડાનું વાવેતર અંદાજે ૭.૨૫ લાખ હેક્ટર જેટલું થયેલ છે, જે ગત વર્ષે ૭.૧૬ લાખ હેક્ટર હતું, અને ઉત્પાદન ગયા વર્ષનાં ૧૬.૦૩ લાખ ટનની સરખામણી આ વર્ષે સહેજ ઓછું ૧૫.૧૩ લાખ ટન જેટલું થવાનો અંદાજ છે (બીજો આગોતરો અંદાજ તા. ૧૭–૦૧–૨૦૨૪). પાકની સ્થિતિ સામાન્ય રહી છે જેથી ઉત્પાદન પણ સામાન્ય રહેશે. રાજસ્થાન અને આંધ્રપ્રદેશમાં ગયા વર્ષ કરતાં આ વર્ષે વાવેતરનો વિસ્તાર વધારે હોવાનો અંદાજ છે અને પાકની પરિસ્થિતિ પણ સામાન્ય રહી છે તેથી ઉત્પાદન પણ વધવાની સંભાવના છે.

ગત વર્ષે એરંડાનું ઊંચું ઉત્પાદન થતા તેના ભાવ જે જાન્યુઆરી, ૨૦૨૩ માં ગુજરાતની વિવિધ બજારોમાં મણના રૂા. ૧૪૦૦ જેટલા હતા, જે સતત ઘટીને એપ્રિલ, ૨૦૨૩માં મણના રૂા. ૧૨૦૦ અને આગળ જૂન, ૨૦૨૩ માં મણ ના રૂા. ૧૧૩૦ જેટલા થયેલા હતા. ત્યારબાદ સપ્ટેમ્બર, ૨૦૨૩ માં થોડા વધીને મણના રૂા. ૧૨૩૦ જેટલા થયેલ, પરંતુ ચાલું વર્ષે વધારે ઉત્પાદનના અંદાજને લીધે ભાવ ઘટવા તરફી છે અને હાલ ફેબ્રુઆરી, ૨૦૨૪ માં કાપણી સમયે મણના રૂા. ૧૧૨૦ આજુબાજુ છે અને આ સ્તરેથી નીચે રહેવાની સંભાવના છે.

દેશમાંથી એરંડાના તેલની નિકાસ વર્ષ ૨૦૨૧–૨૨ માં ૭.૧૫ લાખ ટન જેટલી થયેલ, જે ઘટીને વર્ષ ૨૦૨૨–૨૩ માં ૬.૦૬ લાખ ટન થયેલ. ચાલું વર્ષે પણ એપ્રિલ થી ડીસેમ્બર, ૨૦૨૩ સુધીમાં લગભગ ૪.૬૩ લાખ ટન દિવેલની નિકાસ થયેલ છે અને માર્ચ, ૨૦૨૪ સુધીમાં લગભગ ૬.૨૦ લાખ ટન થવા સંભવ છે. એરંડાના તેલના વિવિધ ઉત્પાદનોની નિકાસ અને ઘરેલું વપરાશ લગભગ ૨.૨૦ લાખ ટન થવાની ધારણા છે. આ માટે આશરે ૨૦ લાખ ટન એરંડાનું પીલાણ કરવાની જરૂરિયાત રહેશે. આ સૂચવે છે કે ચાલું વર્ષનું ઉત્પાદન તેલની માંગને પહોંચી વળવા પૂરતું છે. વેપારીઓ અને ખેડૂતો પાસે પાછલા વર્ષનો સંગ્રહ કરેલો જથ્થો અંદાજીત ૨ લાખ ટન જેટલો હશે.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની સંશોધન ટીમે પાટણ માર્કેટિંગ યાર્ડનાં દિવેલાનાં ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જેના તારણ મુજબ એવું અનુમાન છે, **કે એરંડા નો ભાવ માર્ચ થી એપ્રિલ, ૨૦૨૪ દરમ્યાન મણનાં રૂા. ૧૦૫૦ થી ૧૧૫૦ (ક્વિન્ટલદીઠ રૂા. ૫૨૫૦ થી ૫૭૫૦) જેટલા રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત બાબતો અંગેની નોંધ લઈ એરંડાનો સંગ્રહ ન કરતા, કાપણી પછી તરત જ વેચાણ કરવા ખેડૂતભાઈઓ પોતાની રીતે નિર્ણય કરી શકે છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે નિકાસની તકો ઘટી રહી હોવાથી ભવિષ્યમાં એરંડાના ભાવમાં વધારો થવાની શક્યતા ઓછી છે.